પ્રકરણ ૬

નિશાચક્ર :

સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના આંબલિયાળા ગામે ૧૫ એપ્રિલ,૧૯૩૮ના રોજ કિશોર જાદવનો જન્મ થયો હતો. પિતાનું નામ કાલિદાસ જાદવ. ૧૯૫૫માં અમદાદાવની આર. સી. કોમર્સ હાઈસ્કુલમાંથી તેઓ મેટ્રિક પાસ થાય છે. વડોદરાની મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયમાંથી કોમર્સમાં સ્નાતક થયાં. ૧૯૬૩માં નાગાલૅન્ડ રાજ્યમાં સરકારી નોકરી મળતાં ગુજરાત છોડી નાગાલૅન્ડ રાજ્યમાં કોહિમા ખાતે સ્થાયી થાય છે. ૧૯૭૨માં ગૌહાટી વિશ્વવિદ્યાલયમાંથી કોમર્સમાં અનુસ્નાતકની પદવી પણ મેળવે છે. ત્યારબાદ અમેરિકાની કેલિફોર્નિયા ઈન્ટરનેશનલ યુનિવર્સિટીમાંથી અંગ્રેજી સાહિત્યમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરે છે. ૧૯૭૬માં તેઓ પૂર્વોતર સાહિત્ય અકાદમીની સ્થાપના કરે છે અને ૧૯૭૬થી ૧૯૮૧ સુધી આ સંસ્થાના મહામંત્રી પદે પણ રહે છે. ૧૯૯૫માં તેઓ નાગાલૅન્ડની સરકારી નોકરીમાંથી ઉચ્ચ હોદ્દા પરથી નિવૃત્ત થઈ કોહિમા છોડી દિમાપુર ખાતે રહેવા લાગે છે.

૧૯૬૭માં તેઓ નાગાલૅન્ડની નાગા જાતિની કમસાંગકોલા નામની કન્યા સાથે પોતાનો ઘરસંસાર માંડે છે. ૨૦૧૧માં તેમની પત્નીનું અવસાન થાય છે. આટલાં વર્ષોના સુખી સંસારના ફળ સ્વરૂપે તેમને બે દીકરાઓ નામે કીકોબા અને બિમોલ તથા ત્રણ દીકરીઓ નામે બંદાંગલીલા, લીમાલેમ્લા અને ચુબાપન્લા થાય છે. આખરે પહેલી માર્ચ ૨૦૧૮ના રોજ કિડનીની બિમારી અને સ્ટ્રોકને કારણે કિશોર જાદવ આપણી વચ્ચેથી વિદાય લે છે.

ગુજરાતી સાહિત્ય સર્જન ક્ષેત્રે તેઓના પગરણ ૧૯૬૯માં 'પ્રાગૈતિહાસિક અને શોકસભા' નામના વાર્તાસંગ્રહથી થાય છે. પછી તો કાળક્રમે ૧૯૫૫માં 'યુગસભા', ૧૯૭૨માં 'સૂર્યારોહણ', ૧૯૮૨માં 'છદ્મવેશ', ૨૦૧૭માં 'એક ઇત્તરજનનું દુઃસ્વપ્ન' જેવા વાર્તાસંગ્રહો ઉપરાંત ૧૯૭૯માં 'નિશાચક્ર', ૧૯૮૯માં 'રિક્તરાગ', ૧૯૯૩માં 'આતશ' અને ૧૯૯૮માં કથાયત્રી જેવી નવલકથાઓ પણ મળે છે. વિવેચન ક્ષેત્રે તેમની પાસેથી ૧૯૮૬માં 'નવી ટૂંકી વાર્તાની કળામીમાંસા' અને ૧૯૯૫માં 'કિમર્થમ્' જેવા બે સંગ્રહો પણ મળે છે. ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી તેમને વિવેચન માટે 'રામપ્રસાદ બક્ષી પુરસ્કાર', યુનાઇટેડ રાઈટર્સ એસોસીએશન, ચિનાઈ તરફથી 'બેસ્ટ કોન્ટ્રીબ્યુટર ઈન લિટરેચર એન્ડ હ્યુમિનિટી પુરસ્કાર', ફ્રેન્ડશીપ ફોરમ ઓફ ઇન્ડિયા-દિલ્હી તરફથી 'ભારત એક્સેલન્સ એવોર્ડ', ઇન્ટરનેશનલ પેંગ્વીન પબ્લીશીંગ હાઉસ-દિલ્હી તરફથી

"ડીસ્ટીંગ્વીસ્ડ પર્સનાલિટી ઓફ ઇન્ડિયા એવોર્ડ', ઇન્ટરનેશનલ બાયોગ્રાફીકલ સેન્ટર, કેમ્બ્રિજ, યુ.કે તરફથી 'લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ' જેવા પુરસ્કારો તેમને મળ્યાં છે.

નિશા એટલે રાત્રિ અને ચક્ર એટલે વર્તુળ. 'નિશાચક્ર' એ ૯૬ જેટલા પૃષ્ઠોમાં નાનાં નાનાં આઠ વિભાગોમાં વહેંચાયેલ રચના છે. હુંના કથનકેન્દ્રથી સમગ્ર કથા કહેવામાં આવે છે. અનંગલીલા નાયકની ઝંખના છે જ્યારે વાસ્તવમાં તેને મળે છે કમસાંગકોલા. કમસાંગકોલા નાયકને જરાય પસંદ નથી તેમ છતાં તેની સાથે તેને રહેવું પડે છે. કમસાંગકોલાની બહેન લાનુલા પ્રત્યે નાયક આકર્ષાય છે જે તેના વર્તન અને વિચારો દ્વારા જાણવા મળે છે. આમ, વિપરીત પરિસ્થિતિમાં પીડાતા, ભીંસાતા કથાનાયકના મનોચિત્રણો અહીં સ્વપ્ન-દિવાસ્વપ્ન સ્વરૂપે પ્રગટ થાય છે.

નવલકથાના પ્રથમ પ્રકરણને 'પુષ્પ પંખી (નિશાચક્રની પશ્ચાદભૂ)' શીર્ષક આપવામાં આવ્યું છે. આ પ્રથમ પ્રકરણ નવલકથાના પાછળના પૃષ્ઠોનું કારણ છે, પૂર્વભૂમિકા છે. નવલકથાની કથાવસ્તુ જોઈએ તો તે આ મુજબ છેઃ કમસાંગકોલા સાથે નાયકના લગ્ન નક્કી થઈ ગયા છે. એ પહેલા જ તેઓ એકસાથે રહેવા લાગ્યા છે. રાત્રીના સમયે કમસાંગકોલા કથાનાયકની પાસે હતી અને સવારે ઊઠીને ચાલી જાય છે. સવારે જાગતાં પહેલાં જ નાયકને સ્વપ્ન આવે છે. સવારે નાયકને ખબર પડે છે કે નાયકના સાહેબ રસાલા સાથે ક્યાંક બહાર ગયા છે. એવામાં અનંગલીલાનું કહેણ આવે છે. આથી નાયક પાસે આખા દિવસનો સમય હોવાથી નાયક કહેણ લઈ આવનાર આગંતુક સાથે સવારમાં પહાડીઓ પર નીકળી પડે છે. રસ્તામાં એ આગંતુકથી નાયક વિખૂટો પડી જાય છે. નાયક ચાલતો ચાલતો ગીચ વિસ્તાર પાર કરી બપોરે બેકરીવાળી જગ્યા પાસે અનંગલીલાના ઘરે આવી પહોંચે છે. અનંગલીલાના ઘરની આસપાસની વનરાજી જોઈ ખુશ થાય છે. પરંતુ અનંગલીલા ઘરે ન હોવાથી નાયક ચાલતો ચાલતો છેક સાંજે પાછો પોતાના ઘરે આવી પહોંચે છે. ઘરે આવીને નાયક જૂએ છે તો અનંગલીલા તેની વાટ જોઈ રહી હોય છે. નાયક અનંગલીલાના ઘરે ગયો હતો તેવી વાત કરે છે પણ અનંગલીલા નાયકની વાતને નકારી કાઢતા કહે છે કે, 'કોઈ બીજી ભળતી જગ્યા હશે...' (પાના નં.૦૮) અનંગલીલા બેસે તો છે પણ નાયકની લોલુપ નજર તેના શરીર પર જ ચોંટેલી રહે છે. આ વખતનું વર્ણન જૂઓઃ 'એમ કરતાં છાતીનો મબલખ સ્તનભાર છતો થયો. ખૂલતા લવંડર રંગના ઘેરાવવાળા સ્કર્ટની આરદાર ગડીઓ અકબંધ રહે એમ એણે આગળ પગ લંબાવ્યા. એના જાજ્વલ્યમાન પોષાક પર અબરખી ઝાંય વળેલી હતી.

ત્યાં રસળતી મારી દૃષ્ટીને જાણે ટીંગાવવા મથતી એ ઊભી થઈ. દીવાલો પરની અદૃષ્ટ એવી કશી ગૂઢ લિપિને ઉકેલવા કરતી હોય એમ એટલામાં એ મૃદુ-મંથર પગલે ફરતી રહી. હોઠો વચ્ચે આંગળીને ચબાવતી એ વિમાસણમાં પડી જતી હતી.' (પાના નં.૦૮) નાયક અને અનંગલીલા વચ્ચે આ વાતચીત થાય છે ત્યાં સુધી કમસાંગકોલા ત્યાં જ આંટાફેરાં કરતી હોય છે પરંતુ એ નાયકની નજરોથી અજાણ રહેતું નથી. નાયક ફરીથી અનંગલીલાને એ વાત યાદ અપાવે છે કે પોતે તેના ઘર સુધી ગયો હતો. આ વાત અનંગલીલાને ન ગમી આથી તે 'હું ફરીથી ક્યારેક આવીશ....'(પાના નં.૦૯) એમ કહી નાયકના ઘરેથી ચાલી જાય છે. થોડાં દિવસો પછી અનંગલીલા સહેલાણીઓ સાથે પહાડોની ટોચ જોવા માટે થઈ પોતાનું ઘર છોડી બીજે ક્યાંક જતી રહે છે. તે પછી અનંગલીલા નાયકને ક્યારેય મળતી નથી. નાયકના જીવનમાંની ત્રણ સ્ત્રીઓમાંની એક સ્ત્રી એટલે આ અનંગલીલાનો આ પછી નવલકથામાં ક્યારેક સદેહે પ્રવેશ થતો નથી. અવારનવાર નાયક તેના વિચારોમાં ખોવાયેલો રહે છે. અનંગલીલા નાયકને છોડીને જતી રહી તેનું કારણ નાયક જ છે. કારણ કે તેના અને અનંગલીલા વચ્ચે ભૂતકાળમાં પત્રો દ્વારા વાતચીત થતી હતી. આ પત્રો નાયકે એક પેટીમાં ક્યાંક મૂકી દીધા હતાં જે પેટી હવે તેને પોતાને પણ મળતી નહોતી. જ્યારે અનંગલીલા આ પત્રો પાછાં મેળવવા માંગતી હતી. સાંજે નાયક કમસાંગકોલા સાથે સહશયન કરે છે.

બીજો દિવસે નાયક અને કમસાંગકોલાના લગ્ન હોય છે. લગ્નમાં દાવત રાખેલ છે. બન્ને ખ્રિસ્તી ધર્મ પાળતાં હોવાથી દેવળમાં લગ્ન માટેનો સોગંદવિધિ કરાવવાનો હતો પરંતુ આગલી રાત્રે જ બન્ને શરીરસુખ માણી 'ખરાબ' થયા હોવાથી લગ્નનો વિધિ થઈ શકતો નથી. "'વેડિંગ ડ્રેસ'ને ચપસીને પહેરવાથી પેટનો ઉભાર દબાઈ જવા પામ્યો હતો." (પાના નં.૧૫-૧૬) નવલકથામાં આવતા આ વિધાનથી એવું પણ અનુમાન કરી શકાય કે કમસાંગકોલા પહેલેથી જ ગર્ભવતી છે, તેના પેટમાં બાળક હોવાને કારણે નાયકે તેની સાથે લગ્ન કરવા પડ્યા હોય તેવું પણ લાગે છે.

સાંજે થોડાં કપડાંલત્તાં લઈ કમસાંગકોલા નાયકના ઘરે આવી જાય છે. કમસાંગકોલાનું પોતાના ઘરમાં આવવું નાયકને ગમ્યું ન હતું તેના સાક્ષી પૂરે છે નાયકના એ વિધાનો કે, 'હું તેને ખદેડી મૂકીશ. હરામજાદી રાંડ...' (પાના નં.૧૮) સવાર પડતાં બધા જ લોકો ચાલ્યા જાય છે જેથી ઘર ખાલીખમ થઈ જાય છે. સવારે જ કમસાંગકોલાના પિતા નાયકના ઘરે ચિક્કાર દારૂ પીને આવે

છે. નાયકને મનફાવે તેવા શબ્દો સંભળાવે છે. નાયક પર હાથ ઉપાડવા પણ હાથ ઉપર કરે છે નાયક દૂર ખસી જાય છે અને વધારે માત્રામાં પીધેલો હોવાથી શરીર પરનો કાબૂ ન રહેતા ઘરના દરવાજા સાથે તેઓ અથડાય છે. આ બધા વચ્ચે મોઢામાંથી ગાળોનો વરસાદ તો શરૂ જ રહે છે. કમસાંગકોલા પણ પિતાના પક્ષે સૂર પૂરાવતાં કહે છે કે, 'તેં જબરદસ્તીથી મને ઘરમાં ઘાલી....' (પાના નં.૧૯) આખરે કમસાંગકોલાના પિતા ચેતવણી આપતાં આપતાં ત્યાંથી જતાં રહે છે. કમસાંગકોલા નાયકને પોતાના પિતાની માફી માંગવા કહે છે પણ નાયક તેની વાત ન માનતા ઘરમાં પૂરાઈ જઈ ઘરની અંદર રહેલી સાધનસામગ્રી આમતેમ ફેંકવા લાગે છે. ફરી બન્ને વચ્ચે વાકયુદ્ધ શરૂ થાય છે. આ વખતે કમસાંગકોલાની બહેન લાનુલા ત્યાં આવે પહોંચે છે અને જેથી બન્ને શાંત થઈ જાય છે. ત્યાં કમસાંગકોલાની મા પણ આવી પહોંચે છે. લાનુલા રસોડામાં જઈ ભેટ સ્વરૂપે લાવેલ કૂકડાંને મારી તેનું ચુકન સૂપ બનાવી નાયકને આપે છે. નાયક અને લાનુલા વચ્ચે સાળી-બનેવી જેમ મજાક મસ્તી ચાલે છે. તેમાં કમસાંગકોલાના કર્કશ વાક્યો પણ આવ્યાં કરે છે. નાયકને પિતા ન હોવાથી કોઈ અન્ય વ્યક્તિને બાપ બનાવવો પડશે એવી દલીલ કમસાંગકોલા કરે છે. પોતાના સાહેબ અને કમસાંગકોલા વચ્ચે કોઈ આડાસંબંધો છે એવી નાયકની શંકા હોવાથી નાયક એક તીરથી બે શિકાર કરવા ખાતર પોતાના સાહેબને જ પિતા બનાવવાની સલાહ આપે છે. કમસાંગકોલા નાયકના મનને પારખી જાય છે આથી ફરી બન્ને ઝઘડે છે. નાયક ત્યાંથી પોતાના સાહેબ બોલાવવા માટે નીકળી જાય છે. રસ્તામાં પણ નાયક પોતાની પત્ની અને સાહેબ વચ્ચે સંબંધો વિશે જ વિચાર કર્યાં કરી પોતાની જાતને જ પીડ્યા કરે છે. પાછળની તેને કોઈકના ભણકારા સંભળાય છે આથી સાહેબના ઘરે જવાના બદલે નાયક પાછો પોતાના ઘર તરફ જ વળી જાય છે. ઘરે પહોંચી નાયક લાનુલાને બોલાવે છે પણ અચાનક અંદરથી તેના સાહેબને રસોડાના બારણાં ખોલી અશોભનીય દશામાં ત્યાંથી મોંઢું સંતાળી ભાગતા જૂએ છે. નાયક ઘરમાં પ્રવેશી જૂએ છે તો અંદર કમસાંગકોલા અને લાનુલા બન્ને હોય છે.

તે રાત્રે નાયક ચિક્કાર દારૂ પીને આવે છે. કમસાંગકોલા અને નાયક વચ્ચે કોઈ વાતચીત થતી નથી. કમસાંગકોલા અને નાયક અત્યારે ફરી શરીરસંબંધ બાંધવા તૈયાર થાય છે. આ વખતના વર્ણનો સામાન્ય વાચકને ક્ષોભ જન્માવે તેવા છે. શરૂઆતમાં નાયક કિંકર્તવ્યમૂઢની જેમ વર્તન કરે છે. પરંતુ નાયક જ્યારે કમસાંગકોલા પર લપકવા જાય છે ત્યારે કમસાંગકોલા નાયકને ધુત્કારે છે. નાયકનું કૌવત હણાઈ જાય છે, તેનો ઉન્માદ સ્ખલિત થઈ જાય છે. રાત્રે તંદ્રામાં જ

નાયક બેઠો થાય છે. કમસાંગકોલાને સ્વપ્નમાં જ ઉપર ઉંચકી સમગ્ર ઘટના આત્મહત્યા લાગે તેવી રીતે ગળેફાંસો લગાવી તેને મારી નાંખે છે. કમસાંગકોલાનો લટકતો ચહેરો નાયકના મનમાં જુગુપ્સા જન્માવે છે. ત્યાં સવાર પડી ગઇ હોવાથી કમસાંગકોલાનો અવાજ નાયકને સંભળાય છે જેથી તેનું સ્વપ્ન તૂટે છે.

ત્રીજા દિવસે કમસાંગકોલાના બે-ત્રણ સગાંઓને ત્યાં મુલાકાત જવાનું હોવાથી તે ઝડપથી પોતાનું કામ પુરું કરી તૈયાર થઈ જાય છે. તૈયાર થયેલી કમસાંગકોલાને જોઈને નાયકને અનંગલીલા યાદ આવી જાય છે. કમસાંગકોલા અને નાયક સૌ પહેલા તેના કાકાની બહેન કે જે ગામઠી દારૂનું પીઠું ચલાવતી હતી ત્યાં જાય છે. આ બહેને બીજી વાર ઘરઘરણું કર્યું હતું. તેની પાસે રહેલી તમામ મિલકત પહેલા પતિ તરફથી મળેલ હોય છે. તેનો પતિ સાવ 'છોકરડાં જેવો, બાઇ કરતાં તાજી વયનો' લાગતો હતો. કમસાંગકોલાને જોઈને તે વારંવાર આંટા મારતો હતો આથી તેની પત્ની એને ધમકાવીને ત્યાંથી દૂર મોકલી દે છે. આ વ્યક્તિને જોઈને નાયકને તેમાં પણ જાતીય વિચારો આવે છે. નાયક અને કમસાંગકોલા ત્યાંથી બહાર નીકળે છે.

રસ્તામાં ગાડીમાં જતાં સિપાહીઓ તૈયાર થયેલી કમસાંગકોલાને જોઈને સીટી મારે છે. નાયક અને કમસાંગકોલા વચ્ચે તેની બહેન વિશે ચર્ચા થાય છે અચાનક કમસાંગકોલા નાયકને કહે છે કે, 'તું જાણે છે પેલા કમાન્ડરનો ઑર્ડરલી મરી ગયોગયો તે?' (પાના નં.૩૭) આ ઓર્ડરલી કમસાંગકોલાનો એકવખતનો પ્રેમી હતો. કમસાંગકોલા પહેલી વખત નાયકના ઘરે આવી ત્યારે પણ ત્યાં બેઠેલી સ્ત્રીઓ અંદરોઅંદર જે વાત કરતી હતી તે પરથી આ વાતની પુષ્ટી થાય છે. 'એની તોલે ના આવે... કમાન્ડરનો ઓર્ડરલી તો કોઈ ફિલ્મનો ફાંકડો નાયક હતો.' (પાના નં.૧૭) ઓર્ડરલી અને કમસાંગકોલાના સંબંધો વિશે નાયકને શંકા તો પહેલેથી જ હતી. આથી નાયકને ઓર્ડરલીના મૃત્યુની વાત સાચી લાગવાને બદલે એવું લાગ્યું કે આ વાત કરી કમસાંગકોલા પેલા ઓર્ડરલીને યાદ કરવા માંગે છે. બન્ને વચ્ચે થોડી ગેરસમજ થવાના લીધે રસ્તા વચ્ચે જ નાયકને ગુસ્સો આવે છે. કમસાંગકોલા તેને અત્યારે શાંત રહેવા ભલામણ કરે છે.

રસ્તામાં આગળ જતાં ફોટોગ્રાફીની દુકાન આવે છે. દુકાન માલિક કમસાંગકોલાને જોતાં વેંત જ ખુશ થઈ જાય છે. નાયકને અહીં પણ થોડી ગંધ આવે છે અને યાદ આવે છે કે આ દુકાન માલિકને એણે પહેલા પણ ક્યારેક જોયેલો છે. કમસાંગકોલા નાયકને જણાવે છે કે પેલો વ્યક્તિ

તેને પામવા ઇચ્છતો હતો. નાયક કમસાંગકોલાને હજી પણ તેની સાથે મોકલી તેવા તૈયાર છે એવી વાત કરે છે ત્યારે કમસાંગકોલા ફરી ગુસ્સે થાય છે. ત્યાંથી બન્ને એક મિજલસમાં પહોંચે છે. આ પાર્ટીમાં નાયક કમને આવ્યો છે એવું તરત સમજાઈ જાય છે. પાર્ટીમાં બધાં લોકો દારૂના નશામાં મસ્ત હોય છે. ગમે તેમ બોલ-બોલ કરે છે. નાયક તેમની વચ્ચેથી છટકીને એકલો જતો રહે છે. રાત્રે ફરી બન્ને વચ્ચે બોલાચાલી થાય છે. નાયક કમસાંગકોલાને નિર્લજ, બજારૂ, ચાલુ સ્ત્રી કહે છે. ગુસ્સે થયેલી કમસાંગકોલા ઘરમાં પુરાઈ જાય છે. ઘણાં બધાં પ્રયત્નો પછી પણ કમસાંગકોલા બારણું ખોલતી નથી આથી આસપાસના લોકો ભેગા થઈ જાય છે. નાયકની મદદે આવેલા લોકો કમસાંગકોલાને બચાવવા ખાતર ઘરનાં છાપરાં પરથી અંદર ઉતરે છે. આ ઘટના પછી નાયકને કમસાંગકોલા એક કોઈ પશુના બિહામણા 'કલ્પન' સ્વરૂપે દિવાસ્વપ્નમાં દેખાય છે.

ચોથા દિવસે સવારે કમસાંગકોલાની મા આવી બન્નેને સમજાવે છે. લાનુલા પણ ત્યાં જ હોય છે. લાનુલા અને કમસાંગકોલાનો ભાઈ સાકુબા પણ હાથમાં દારૂનો ગ્લાસ લઈ ત્યાં આવે છે. નાયક પોતાના કામથી સવારે બહાર નીકળી જાય છે. સાંજે પાછો આવે છે ત્યારે રાત પડી ગઈ હોય છે. લાનુલા અને નાયક વચ્ચે થોડી વાતચીત થાય છે. બધાના જમી લીધા પછી લાનુલા તૈયાર થતી હોય છે ત્યારે નાયક તેને જોઈ જાય છે આથી તેના પર મોહિત થઈ ઊઠે છે. ત્યાં જ નાયકને સ્વપ્ન આવે છે.

બાજુમાં કમસાંગકોલા સુતી હોય છે. નાયક ત્યાંથી ચોરપગલે ચાલી વચ્ચેનો રૂમ પાર કરી અતિથિખંડમાં આવે છે. આ ખંડમાં લાનુલા રોકાઈ હોય છે. લાનુલા અને નાયક વચ્ચે અહીં અંગતક્ષણો વીતે છે. બન્ને વચ્ચે થોડો સંવાદ પણ થાય છેઃ

'તારી દીદી આવી જાય તો?' ગૂપસૂપ અવાજે હું બોલ્યો.

'બૂમબરાડા પાડીને હોહા મચાવી મૂકું કે તું મારા પર...' (પાના નં.૫૮)

પાંચમાં પ્રકરણની શરૂઆત જ સ્વપ્નથી થાય છે. નાયકને અહીં અનેક ઓળાઓ જણાય છે. સાથે કમસાંગકોલા છે. બન્ને કોઈ ટ્રેન પકડવા પ્લેટફોર્મ પર ઉતારુઓની જેમ ઊભા હોય છે. એક ટ્રેનમાં નાયક આવે છે જેમાં નાયક અને કમસાંગકોલા ચડી જાય છે. ધીમે ધીમે ટ્રેનની અંદર બેઠેલા ઉતારુઓ એક પછી એક સ્ટેશને ઉતરવા લાગ્યા જેથી ટ્રેનમાં ભીડ ધીમે ધીમે ઓછી થવા

લાગે છે. તેવામાં અચાનક નાયક ટ્રેનમાં પોતાની જાતને એકલો પડી ગયેલો અનુભવે છે. નાયક આંટાફેરા મારી ટ્રેનના આખા ડબ્બામાં ફરી વળે છે. ત્યાં એક બંધ દરવાજા પાસે નાયક પહોંચીને જૂએ છે તો તેને વિશાળ કદનો ક સિપાહી નગ્ન અવસ્થામાં પડેલો દેખાય છે. તેની બાજુમાં કમસાંગકોલાને પણ નગ્ન અવસ્થામાં જ પડી હોય છે. નાયકને પોતાના રતિક્રિડાની ક્ષણો યાદ આવી જાય છે. નાયક એ સિપાહીને કપડાં પહેરાવવા જાય છે ત્યાં તેને એ સિપાહીનો ચહેરો દેખાય છે જેથી નાયકને ખબર તેને ઓળખી લે છે. તે સિપાહી નાયકના સાહેબ હોય છે. વચ્ચેનો દરવાજો બંધ હોય છે. કમસાંગકોલા એ દરવાજાને ખોલવા પ્રયત્ન કરે છે પણ એ દરવાજો ખૂલતો નથી. સમગ્ર પ્રકરણ સ્વપ્ન સ્વરૂપે હોય તેવું આ પ્રકરણ અહીં પૂર્ણ થાય છે.

છઠ્ઠા પ્રકરણની શરૂઆતમાં ઘરની બહાર બેઠેલી લાનુલા કમસાંગકોલા માટે મેખલા ગુંથતી હોય છે. નાયક આ મેખલા વિશે લાનુલા સાથે વાત કર્યા પછી ઘરમાં જતો રહે છે. સાકુબા આવી લાનુલાને કામમાં અડચળ રૂપ બની મજાક-મસ્તી કરવા લાગે છે. નાયક આવી સાકુબાને ત્યાંથી તગેડી મૂકે છે. આ વાતે કમસાંગકોલા નાયક પ્રત્યે ગુસ્સે થાય છે. એવામાં નાયકની નજર રસોડાની પાછળ પડે છે તો ત્યાંથી પગથિયાં ઉતરી બહાર નીકળતાં તેના સાહેબ દેખાય છે. નાયકની શંકા અહીં વધે છે જેથી તે બોલી ઉઠે છેઃ 'તમારા બેઉના નિત્ય ઊઠી આ બખેડા. જ્યારે જુઓ બખાબખી ચાલતી હોય.' (પાના નં.૭૨) નાયકના આવા વચનોથી કંટાળી ગયેલી કમસાંગકોલા રડી પડે છે. નાયક તેને વારંવાર ધિક્કારે છે, તેને પોતાના ઘરમાંથી કાઢી નાંખવાની વાત કરે છે છતાં કમસાંગકોલા નાયકથી દૂર જતી નથી એનું કારણ કમસાંગકોલાના આ વચનોમાંથી મળે છેઃ 'પહેલાં મારું યૌવન પાછું લાવ.' (પાના નં.૭૩) તો સામે નાયક પણ નફ્ફટ થઈ જવાબ આપે છે કે, 'તારું યવન જેમણે હણી લીધું છે એમની પાસે જઈને માગ.' (પાના નં.૭૩) વળી નાયક તેને કુલટા કહે છે. લાનુલા આ બધું સાંભળતી હોય છે છતાં કશું બોલવાને બદલે પોતાની માતાને બોલાવી લાવે છે. ઘરમાં ઝઘડો ચાલતો જોઈ કમસાંગકોલાની માને હૃદયરોગનો હુમલો આવે છે. કમસાંગકોલા આ ક્ષણે બોલી ઊઠે છે કે, 'તેં મને પેદા શું કામ કરી ? મારી જગ્યાએ તારી કૂખે પથરો કેમ ના પડ્યો ?' (પાના નં.૭૬)

સાતમાં પ્રકરણની શરૂઆત નાયક ઑફિસે જાય છે ત્યાંથી થાય છે. ઑફિસમાં આખો દિવસ નાયક પોતાના સાહેબથી દૂર રહેવાના પ્રયત્નો કરે છે. જેમાં તે સફળ પણ થાય છે. સાંજે

નાયક ઘરે આવે છે. આવતાવેંત અતિથિખંડમાં જઈ નાયકની ઇચ્છા લાનુલાને આશ્ચર્યચકિત કરી દેવાની હતી. પરંતુ અંદર જતાવેંત નાયક પોતે અચંબિત થઈ જાય છે. અંદર લાનુલા અર્ધનગ્ન અવસ્થામાં હોય છે અને તેની સાથે સાકુબા પણ હોય છે. નાયકને આવેલો જોઈ સાકુબા ત્વરિત ત્યાંથી જતો રહે છે. જાણે કે કશું બન્યું જ ન હોય તેમ બધાં જમી લે છે. રાત્રે સૂઈ ગયા પછી નાયકને ફરી એક સ્વપ્ન આવે છે એની સાથે આ પ્રકરણ પણ પૂર્ણ થાય છે.

સવારે નાયક લાનુલાને જગાડે છે. નાયક વિચારોમાં ખોવાયેલો હોય છે ત્યારે લાનુલા ત્યાં આવી નાયકને બની ગયેલો મેખલો બતાવે છે. કમસાંગકોલા આ બધું જૂએ છે ત્યારે નાયક પર ગુસ્સે થાય છે. બન્ને ફરી ઝઘડે છે. આ વખતે નાયક વધુ ગુસ્સે હોઈ હાથમાં આવેલી કટાર કમસાંગકોલા પર ફેંકે છે પણ તે બચી જાય છે. કમસાંગકોલા મોટે અવાજે રાડો પાડે છે જેથી તેની માતા, પિતા અને સાકુબા પણ ત્યાં પહોંચી આવે છે. આ ત્રણેય લોકો એકસાથે થઈ નાયકને ઢોર માર મારે છે. નાયકને હોંશ આવે છે ત્યારે તે પોતે પથારીમાં પડ્યો પડ્યો પીડાના લીધે કણસતો પડ્યો હોય છે. લાનુલા નાયકની સેવાચાકરી કરતી હતી. થોડાં વખત પછી નાયકને થોડું સારું લાગવા લાગે છે ત્યારે કમસાંગકોલા ફરી નાયક સાથે બોલાચાલી કરે છે. લાનુલાથી આ ઝઘડાઓથી કંટાળી ગઈ હોવાથી બોલી ઊઠે છેઃ 'આ બધું બંધ કરો.' (પાના નં.૯૩) નાયકને ફરી ટ્રેન વિશે એક સ્વપ્ન આવે છે.

આખરે નવલકથાના અંતે નાયક અને કમસાંગકોલા વચ્ચે માત્ર થોડીક સારી વાતચીત થાય છે. અચાનક નાયકને કમસાંગકોલાનો ચહેરો વિકૃત થતો દેખાય છે. તેના ચહેરામાંથી લોહી ટપકતું દેખાય છે. કમસાંગકોલાના છેલ્લા શબ્દો એવા છે કે, 'હું મરવાની નથી...' (પાના નં.૯૬) અહીં આ નવલકથા પૂર્ણ થાય છે.

નાયક સતત ઇન્દ્રિયરાગમાં રાચે છે. અનંગલીલા અને લાનુલાને જોઇ તેની દૃષ્ટિ સ્ત્રીઓના અંગના ઉભાર પર ચોટી જાય છે. એનાથી વિપરીત કમસાંગકોલાને જોઈ તેને ઘૃણા જન્મે છે. નાયકના મનમાં કમસાંગકોલાને જોઈ જુગુપ્સક ભાવ જન્મે છે. તેના જીવનમાં આવતી ત્રણ સ્ત્રીઓને તે અલગ અલગ નજરે જુએ છે. તેના થોડાં ઉદાહરણો જોવાથી આ વાત વધુ સ્પષ્ટ થશે.

કમસાંગકોલા વિશેના વર્ણનોઃ

- 'મારા મોં સામે મંડરાયેલો કમસાંગકોલાનો મોટો ચહેરો મેં દેખ્યો. નમી પડતી છતની જેમ એનો દેહ મારા પર લળી રહ્યો હતો. બારીના પર્દાની ઝૂલને મેં આઘીપાછી કરી. બે પહાડો વચ્ચે આકશવર્ણ ખૂલતો હતો.' (પાના નં.૧૨)
- 'કમસાંગકોલાનું ઢીંચકું શરીર વારેવારે હીબકાં ભરતું હતું.' (પાના નં.૧૮)
- 'કમસાંગકોલાનું બાંડું ચપટું નાક આ પહેલાં ક્યારેય મારી ધ્યાનમાં આવ્યું નહોતું.' (પાના નં.૨૨)
- 'ફગફગતા જથરપથર વાળ, સોજાયેલી આંખોનાં બે ડણાં, આંસુના લપેડાથી ચહેરા પર બાઝેલાં વળાંને કારણે એના દેદાર બદલાઈ ગયા હતા.' (પાના નં.૯૨)

રાત્રે પોતાના જ ઘરમાં બેઠેલી સ્ત્રીઓના વર્ણનઃ

- 'એમનાં પુખ્ત શરીર આમ સંકોડાવાને કારણે ભરચક સ્તનદ્વય દઢ છટા ધરી આગળ ધસી આવતાં હતાં.' (પાના નં. ૧૭)

લાનુલા વિશેના વર્ણનોઃ

- લાનુલા આવી પહોંચી-જરા બીધેલી. પણ હલક લેતી, મંદમંદ મરકલાં વેરતી.' (પાના નં.૨૦)
- એનાં બે ય ઠસ્સાદાર ગલોફામાં જાણે નર્યું હાસ્ય ભર્યું હતું. એના ગૌર સ્કંધ, બાંય વગરના કબ્જા તળે કપસીને બાંધેલાં જોરાવર સ્તન, ચિબુક નાક, સુગઠિત તરબતર અંગપ્રત્યંગ, થનગનતો મોહક દૃષ્ટિપાત-મારી સમીપમાં ઊભેલી એ તન્વીને દેખતાં હું રોમહર્ષિત થઈ ઊઠ્યો.' (પાના નં.૨૧)
- 'ફૂલગૂંફનવાળી શાલમાં દમામભેર એ પગથિયાં ચઢી રહી હતી. એના ખિલુખિલિ ગોળમટોળ ગાલ પર સુરખી ઊપસી આવી હતી. એનો ટચૂકટો, વહાલસોયો અવાજ કાનમાં ઝણકી રહ્યો.' (પાના નં.૫૦)

નાયકના આ મનોભાવો કથામાં આવતા સ્વપ્નો માટે જવાબદાર બને છે, સ્વપ્નનું પ્લેટફોર્મ પૂરું પાડે છે.

નવલકથાના પ્રથમ પ્રકરણને 'પુષ્પ પંખી (નિશાચક્રની પશ્ચાદ્‌ભૂ)' શીર્ષક આપવામાં આવ્યું છે. આ પ્રથમ પ્રકરણ નિશાચક્ર પાછળના પૃષ્ઠોનું કારણ છે, પૂર્વભૂમિકા છે. આ પ્રકરણની શરૂઆત સ્વપ્નથી જ થાય છે. નાયકના મનમાં અનંગલીલાને મળવાની ઇચ્છા આ સ્વપ્નમાં રજૂ થઈ છે. માત્ર અનંગલીલાના નામ ઉચ્ચાર થતા જ અનંગલીલાના સ્વપ્નમાં નાયક ખોવાઈ જાય છે. સુંદર રીતે કાવ્યાત્મક ભાષામાં અહિ સમગ્ર સ્વપ્નનું વર્ણન કરાયું છે. "લીસ્સા આરસજડિત પગથિયાં પર મેં પગ માંડ્યા. પદાઘાતથી જાણે જળ હલીને, મારો આદિમ પડછાયો ડોલતો સાપોલિયાની જેમ એમાં દોડતો મેં પેખ્યો. મકાનના વિવિધરંગી પ્રતિબિંબો હવે આંદોલિત થઈ ઊઠ્યાં હતાં ને સમતુલા જાળવવા, ખુરશીમાં હું બેસી પડ્યો. પારદર્શક સપાટી નીચે તળિયાની તખ્તીઓ ધ્રૂજતી હતી. ખંડ વચ્ચે ખોભાયેલું કાળા આરસનું આવક્ષ આંખો સામે તર્યા કરતું હતું. એના તરતા માથાની ચોફેર ઘડિયાળનો એકધારો ટિક્ ટિક્ અવાજ જાણે બણબણ્યા કરતો હતો. સામે બારીની 'ફ્રેઈમ'માં જાણે મઢાયેલો એક કાષ્ઠવત્ ચહેરો આ તરફ ચળક ચળક જોયા કરતો હતો. એની પાછળ 'ફ્લેપ ડોર'માં ઊભી લીટીઓદાર કર કરકરિયાળો શ્વેત કાચ આવેલો હતો. અંદરથી તેના પર પડતી છાયાકૃતિનું સહેજસ્હાજ હલનચલન થતું જણાયું..... એ છાયામાંથી ઓજસ્ પ્રકટતું હોય એવી શુભ્ર ચમકરેષાઓ કાચના ઉર્ધ્વ ભાગ પર ફેલાતી હતી.....એ સાથે વવળાટમાં હું કશુંક બોલવા મથ્યો. પણ આંખો સામે ઝબકારા લેતાં પ્રકાશવર્તુળોના લીધે મને કશું દેખાતું નહોતું ને નીચે બંને પગ જાણે જળમાં ઝબકોળાયેલા, તરબોળ હતા. કદાચ આવી જ 'કેબીન'માં અમારા સાહેબ બેસતા, એ મને સાંભર્યું ને હું કશુંક બરકવા કરતો ખડેપગે થઈ ગયો.....ને ઝબ્બ્ બેઠો થઈ જતાં જોયું તો મારી પડખે પથારી ખાલી પડી હતી." (પાના નં. ૪-૫)

અહીં આરસ જડીત પગથિયાં, આદિમ પડછાયો, સાપોલિયાં, મકાનના વિવિધરંગી પ્રતિબિંબો, તળિયાની ધ્રૂજતી તખ્તી, ચળક ચળક જોયા કરતો કાષ્ઠવત ચહેરો, કાળા આરસનું આવક્ષ, ઓજસ પ્રગટાવતી શુભ્ર ચમકરેષા, પગનું પાણીમાં ઝબોળાવું, સાહેબની કેબીન... આ તમામ શબ્દો તેના મૂળ અર્થને પ્રતિપાદિત કરવા અર્થે નહિ પરંતુ નાયકના અજાગ્રત મનમાં સંગ્રહાયેલ તેની આદિમ ઇચ્છા એષણાઓ, છટપટાહટને રજૂ કરવા પ્રયોજાયા છે. નાયકની હાલની તથા ભવિષ્યમાં બનનારી ઘટનાઓ આ સ્વપ્ન પ્રતીકોમાં રજૂ થઇ છે. કાષ્ઠવત ચળક ચળક જોનાર ચહેરો એટલે કમસાંગકોલા. નાયક એક જગ્યાએ ઉલ્લેખ પણ કરે છે કે જ્યારે નાયક અને

અનંગલીલા વાતો કરતા હોય ત્યારે તે સ્થળની આસપાસ કમસાંગકોલા આંટા મારતી હોય છે. શુભ્ર ચમકરેષા એટલે અનંગલીલા. નાયક જેના પ્રેમમાં ગળાડૂબ છે તે નાયિકા એટલે અનંગલીલા. એમ બીજી રીતે જોઈએ તો એ શુભ્ર ચમકરેષા તેના પ્રેમના પ્રતીક પણ બને છે. આદિમ પડછાયો એટલે નાયકની –આમ કહીએ તો માનવ સમૂહની મૂળભૂત ઇચ્છાઓ, એષણાઓ. વર્ષો બદલવા છતાં એ આદિમ અંશો બદલાતા નથી. સાપોલીયો એટલે નાયકની જનીનવૃતિઓ અને આ વૃત્તિ ન હોત તો નાયક તેની તૃપ્તિ માટે કમસાંગકોલા પાસે પહોંચ્યો ન હોત. તળિયાની ધ્રૂજતી તખ્તી એ નાયકના ડામાડોળ જીવનની સ્થિતિ તરફ આંગળી ચીંધે છે. છાયા અને નાયક વચ્ચે રહેલ કરકરીયાળો કાચ હોવા છતાં ન હોવાનો ભાવ દર્શાવી જાય છે. નાયક પાસે જે હતું તેને પામી ન શક્યો, જે મળ્યું તે દુષ્કર બને છે. નાયકના પગ પાણીમાં ઝબોળાય છે. ફ્રોઈડ મુજબ જળ મૃત્યુનું પ્રતીક છે પણ જળમાં ઝબોળાવું એ તરબોળ થવાના ભાવ સ્વરૂપે રજૂ થયું છે. જે નાયકના સ્ખલનની સાક્ષી પુરે છે. આ સમગ્ર સ્વપ્ન અનંગલીલા બીજા દિવસે નાયકને મળવા આવવાની છે તેની આગાહી પણ કરે છે.

આ સ્વપ્ન સાચું પડે છે. અનંગલીલાને મળવાનો અવસર આવે છે. અનંગલીલાને મળવા ગયેલ નાયક નિરાશ થઈ પાછો ફરે છે ત્યારે અનંગલીલા વરંડામાં તેની રાહ જોતી ઊભી હોય છે. ત્યારે ઉપલાણવાળા ભાગ પર કમસાંગકોલા ઉજાશિયામાંથી અવલોકવા ઊંચી-નીચી થતી હતી. અનંગલીલા 'ફરી ક્યારેક આવીશ...' કહી નીકળી જાય છે. અનંગલીલા નાયકને ક્યારેય નથી મળતી, મળે છે કમસાંગકોલા.

બીજા પ્રકરણમાં પિતાગ્રહણ કરવાની વાત પર નાયક અને કામસાંગકોલા વચ્ચે બોલાચાલી થાય છે. તે રાત્રે નાયક કમસાંગકોલા પાસે જવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેને ધુત્કારે છે. આમ તેની શરીર સુખ મેળવવાની ઇચ્છા અધુરી રહે છે. જે ક્રુંઠામાં પરિવર્તિત થાય છે. નાયક પહેલેથી કમસાંગકોલા સાથે રહેવા માંગતો ન હતો એટલે યેન-કેન પ્રકારે તેનાથી છૂટવાના વિચારો તેના મગજમાં આવવાની સંભાવના વધી જાય છે. કમસાંગકોલાના અનેક પ્રેમીઓ વિશે જાણી નાયકનો તેના પ્રત્યેનો ગુસ્સો વધી જાય છે. કમસાંગકોલા પ્રત્યેનો ગુસ્સો અને ઘૃણા સ્વપ્ન રૂપે પ્રગટ થાય છે. સ્વપ્નમાં જ તે કમસાંગકોલાના દેહને ઉઠાવી ફાંસી આપી દે છે. 'તેને હું ખદેડી મૂકીશ.' અગાઉ આક્રોશમાં બોલાયેલા આ શબ્દો નાયકના મનમાં સતત મથામણ જગાવે છે. સ્વપ્નમાં તે

કમસાંગકોલાનું ખૂન કરી તેની જુગુપ્સ્ક સ્થિતિ જોઈ આનંદ અને સંતોષનો અનુભવ કરે છે. ત્યાં એકાએક કમસાંગકોલામાં પોતાની જાતનું પ્રત્યારોપણ અનુભવે છે અને ઊંઘમાં છટપટે છે. અહીં આ સ્વપ્નમાં નાયક દ્વારા માનસિક સ્તરે ચાલી રહેલ કમસાંગકોલાથી મુક્તિનો પ્રયાસ રજૂ થાય છે.

ખંડ ત્રણમાં કમસાંગકોલા અને નાયક વચ્ચે ઉગ્ર વિખવાદ સર્જાય છે અને કમસાંગકોલા બારણું બંધ કરી 'તને બતાવી આપું.' કહી આત્મહત્યાનો પ્રયત્ન કરે છે. અહિ નાયક દિવાસ્વપ્નમાં સરી પડે છે. બારણું ખોલવાના અથાક પ્રયત્નો છતાં બારણું ખુલતું નથી અને બે માણસો છાપરાં ઉપરથી કૂદી અંદર જાય છે. બારણું ખુલતા જ કમસાંગકોલાને સ્થાને એક વિકરાળ પશુને બંને તરફથી પાશમાં જકડી બે પુરુષો બહાર આવે છે. આ દૃશ્ય જોઈ નાયક હેબતાઈ જાય છે.

'મારકણા ડોળા આડાઅવળા ભમાવતાં, હવામાં માથું ઉગામી વીંઝયું. બન્ને શીંગડાં પરનાં ચાંદનીનાં ધવલ ચકતાં ચળકી રહ્યાં. ગઠ્ઠાદાર હૃષ્ટપુષ્ટ અવયવો પર કંપનની રેખાઓ દોડી ગઈ. અડાણનો ભારઝલ્લો લચકતો ભાગ પાછલા પગોમાં અથડાઈ ને ચાલવામાં અવરોધ પેદા કરતો હતો. કાળોતરું પશુ, હવે આગળ ખેંચાયું. વળી વચ્ચે અડિયલ થઈને ખડું રહી જતાં, એકે પગ પર ડંડેકો ઝૂડ્યો. ગમાણની પડાળમાંથી ચળાતા તેજના લીધે, એની કાળી ચામડી પર ચાંદનીનાં ચાઠાં ઊપડી આવ્યાં, નીરણ ફેંકતાં, વળી પેલાએ બુચકારો કર્યો. માણસોનનો ઘચૂમલો વેરાયો ને ખીલા પર વાગતી સાંકળનો એકલવાયો રણકો ચોગરદમ સંભળાતો રહ્યો.' (પાના નં.૪૫-૪૬) અહીં મદમસ્ત પશુ એટલે કમસાંગકોલાની ઉત્કટ રતિવૃત્તિ અને તેને નાથનાર બે વ્યક્તિ એટલે નાયકનો સાહેબ કે પછી ઓર્ડલી કે તેની બહેનનો ધણી. નાયક ચોક્કસપણે માનવા લાગ્યો છે કે તે કમસંગકોલાને સંતોષી શકતો નથી અને કમસંગકોલા પણ તેના ભૂતપૂર્વ પ્રેમીઓની વાતો કરી નાયકને ચીડવે છે, ઉશ્કેરે છે. નાયક કમસંગકોલાને જોઈ દરેક વખતે જુગુપ્સા જ અનુભવે છે. નાયકની મનોવૃત્તિ અને જુગુપ્સાનો સમન્વય આ સ્વપ્નમાં થયેલ જોવા મળે છે.

પ્રકરણ ચાર લાનુલાના સૌંદર્યથી આકર્ષાયેલ નાયકના ચિત્તના વતૂળોથી ઘેરાયલ છે. લાનુલાના દેહ સૌંદર્યને વર્ણવતો કથા નાયક ક્યારે તેમાં ગળાડૂબ થઈ જાય છે તેની જાણ નથી રહેતી અને નાયક સ્વપ્નમાં લાનુલાને પામે છે. સ્વપ્નની શરૂઆત લાનુલાના શણગારથી થાય છે. અત્યાર સુધી નાયકે કરેલ તેનું સૂક્ષ્મ માનસિક નિરીક્ષણ સ્વપ્નમાં પ્રગટ થાય છે. લાનુલા પ્રત્યે

જાગેલા રતિરાગનું અહિ નિરાંતે વર્ણન કરવામાં આવ્યું છે. 'કેશરાશિ છાતીના અગ્રભાગ પર રાખી એણે મીંડલીઓ ગૂંથી. એ વેળા એના ફૂટડા-કનકગૌર હાથ, માર્દવયુક્ત ગ્રીવા, તેજમાં જાણે રસાયાં કરતાં હતાં. મદભારમાં ચૂર થતી આંખો, બીડાયેલા ઓષ્ઠ સંપુટ વચ્ચે ઝમીને જાણે એકત્રિત થયેલા સ્મિતનો ઘેરો આસવ, લયાન્વિત દેહદૃષ્ટિ, એના રૂપનું આભિજાત્ય જોઈને થયું કે પેલી દિવસપર્યંત કાર્યરત રહેતી કન્યા તે જ આ સ્ત્રી નહોતી. આ તો ભરચક દેહવંતી, અજાણ્યા દેશની બીજી જ કોઈ ભામિની હતી, બારીમાંથી તેજનાં અગણિત ઝૂમખાંઓવાળું શહેર હવામાં તરી રહ્યું હતું ને શેરીમાંથી આવતા આછા સંગીતના સરોદો એનાં રોમેરોમને જાણે ઝંકૃત કરી મૂકતા, એક અતીત ખડો થતો હોય એમ એ બેબાકળી ઊભી થઈ. સુષ્ઠુ સુષ્ઠુ ચાલતી એ અતિથિખંડ તરફ વળી. સરોવરમાં પ્રલંબાતાં તેજ-પ્રતિબિંબોની જેમ દૃષ્ટિ આગળ રંગરંગીન શહેર ઝિલમિલાતું હતું ને સર્વ કાંઈ અભિચારની અસર તળે હોય એમ ઉપર અવકાશમાં એક અંધારપટ લસરતો જતો હતો. એમાં એક સુવર્ણમયી તારકયુગ્મ પાંખો ફેલાવી અનંતતામાં ઊડ્યે જતું હતું ને પ્રકાશની ગવ્હરમાં હું ઊંડે ઊતરી રહ્યો હતો.' (પાના નં. ૫૬) અહીં સરોવરમાં પ્રલંબાતા તેજ-પ્રતિબિંબો નાયકના મનમાં ઉદ્ભવેલ રતિરાગના વલયોને પ્રસ્તુત કરે છે. આ સ્વપ્નમાં કમસાંગકોલાથી ભાગવા છૂટતો નાયક લાનુલામાં પ્રેમની પૂર્તિ કરતો નજરે ચડે છે. સુવર્ણમયી તારકયુગ્મનું પાંખ ફફડાવી ઉડવું તથા નાયકનું પ્રકાશની ગવ્હરમાં ઊંડે ઊતરવું લાનુલા અને નાયકના મિલનને પ્રગટ કરે છે. કોઈપણ ઊંડી અને ખાલી બાબતોને ફ્રોઈડ સ્ત્રી યોનીના પ્રતીક તરીકે ગણાવે છે. શરૂઆતમાં આવતું પંખી અહિ યુગલ સ્વરૂપે રજૂ થાય છે. અનંગલીલાને ખોઈ નાયક લાનુલામાં પોતાની જાત સોપી પૂર્ણતા પામતા યુગ્મનું પ્રતીક આ યુગલ બને છે.

નાયક ઝબકીને ફરી જાગે છે અને વાસ્તવમાં લાનુલા સાથે ભોગવેલ સ્વપ્નસુખની અનુભૂતિ કરે છે. હરપળ લાનુલા પ્રત્યે ખેંચાનાર નાયક મનમાંને મનમાં લાનુલા પ્રત્યે ઇન્દ્રિયાનુરાગ અનુભવે છે. આ ગાઢ સંવેદન અહીં સ્વપ્ન સ્વરૂપે નાયકની છબીમાં ઉપસી આવે છે. એક ક્ષણ નાયક લાનુલામાં અનંગલીલા ને પામવાનો પ્રયત્ન કરતો દેખાય પણ લાનુલા તો લાનુલા છે અનંગલીલા નહીં અને એટલે જ આગળ સાકુબા સાથે લાનુલાનું સહશયન કરવું નાયકને ખૂંચતું નથી.

નાયક સતત માનસિક અને ભૌતિક યંત્રણામાં જ રાચે છે. તેના માનસિક સંચલનો પાંચમાં પ્રકરણમાં ટ્રેનના સ્વપ્નમાં પ્રગટ થાય છે. આ સ્વપ્નમાં નાયક અને કમસાંગકોલા ટ્રેનમાં બેસી મુસાફરી કરી રહ્યા હોય છે. તેઓ કયા સ્થળે જાય છે એ વાત અહિ દર્શાવી નથી. આ કાલ્પનિક સ્વપ્ન યાત્રા છે. બન્ને પ્લેટફોર્મ પર પહોંચે છે ત્યારે "સ્ટેશન સુમસામ હતું... એન્જીન વગરની ગાડીઓ જાણે સ્વયં હલનચલન કરતી, ...'પ્લેટફોર્મ' પર જાણે ઉતારુઓ ઊભા હોય એમ, હારદમ બારીઓના કાચમાં એમના ઓછાયાનો ભાસ થયા કરતો હતો..."(પાના નં.૬૨) નાયક અને કમસાંગકોલા ટ્રેનના ડબ્બામાં ગોઠવાય છે. ટ્રેન આગળ ચાલે છે. થોડાં વ્યવસ્થિત થયા બાદ બન્ને ઘરેથી લાવેલ ભોજન આરોગે છે. ભોજનના ભાર અને થાકને કારણે નાયક ઊંઘમાં સરી પડે છે. જાગીને જુએ છે તો પોતે ડબ્બામાં એકલો છે. આસપાસ કોઈ ઉતારુનું ચિહ્ન પણ તેને દેખાતું નથી. તે ઉભો થઈ એક પછી એક જોડાયેલ ડબ્બામાં આગળ વધતો જાય છે. એક બંધ ડબ્બામાં વિશાળ કદના સોફા પર કમસાંગકોલા તથા એક પડછંદ સિપાહીને નગ્ન હાલતમાં નિહાળે છે. તે પડછંદ સિપાહી થોડીવાર તેને ઓર્ડરલી હોય એવું લાગે છે. બીજી ક્ષણે નાયકને એ વ્યક્તિમાં પોતાના સાહેબનો ચહેરો દેખાય છે. એ પછી નાયકનું વર્ણન વિચારોની ગતિ જેટલું જડપે થયું છે. 'આંચકા સહિત હું પાછળ હટ્યો. ટ્રેનની સમાંતર બન્ને બાજુએ, હથિયારધારી ઘોડેસવારો પૂરપાટ દોડતા મેં જોયા. અપરંપાર ગતિએ જઈ રહેલી ટ્રેન જાણે બારુદનો ગોળો ફૂટતાંની સાથે ફુરચેફુરચા થઈ ઊડી જશે એમ લાગ્યું. ધોળાં ધુમ્મસનું પડળ ચોતરફથી ઘેરાતું ટ્રેનને વીંટળાઈ વળ્યું હતું. એથી સૂર્ય જાણે હોલવાઈ ગયો હતો ને ઊડતા અંધકારના નળાકાર યાનમાં અમે પૂરાયાં હતાં. એન્જીનનો કારમો ફુત્કાર નિર્જન દિશાઓમાં વાગતો પડઘાતો સંભળાયો. ટ્રેન પર ત્રાટકી પડવા યા તો વ્હારે ધાએલા ઘોડેસવારોની ડમરી અંધકારમાં વિલય પામી હતી ને ડબ્બાઓની આસપાસ આગની શિખાઓ લપેટાતી મેં દીઠી, ત્યારે અંદરથી બંધ કરેલો વચલો દરવાજો કેમે ય ખૂલતો નહોતો. તેના પર કમસાંગકોલા મરણિયા પ્રહારો કરી રહી હતી.' (પાના નં.૬૬)

અહિ નાયક ડબ્બામાં પોતાની જાતને એકલો જુએ છે. વાસ્તવમાં પણ અનંગલીલા, લાનુલા અને કમસાંગકોલા હોવા છતાં નાયક એકલો જ છે. એ વાત વ્યંજિત થાય છે. કમસાંગકોલા અને સિપાહીની રતિક્રિડા નાયકના મનના શંકાના વમળોને કારણે ઊભી થયેલ પરિસ્થિતિનું પરિણામ ગણાવી શકાય. ડબ્બાનું અચાનક સળગવું નાયકના મનમાં ધરબાયેલ છે. ટ્રેનની સમાંતર દોડતા

હથિયારધારી નાયકના મનમાં ઉઠતા વિચારોના ઘોડાઓ અને વિચારની ગતિ ટ્રેનની ગતિ સાથે સમતોલાય છે. અંતે કમસાંગકોલાના મરણિયા પ્રહારો નાયક અને તેના દામ્પત્ય જીવનની વિસંવાદિતતાને ઉદ્‌ઘોષિત કરે છે. તેની પછડાટ વૃત્તિ જન્ય આવેગોની પછડાટ છે.

પ્રકરણ સાતમાં નાયક લાનુલા અને સાકુબાને સાથે જુએ છે પણ તેના પર તેની કોઈ ખાસ અસર થતી નથી. લાનુલા સાથે તે પૂર્વવત વ્યવહાર કરે છે. એ રાત્રે નાયક લાનુલા સાથે હોય છે ત્યારે મોડી રાત્રે તેને સ્વપ્ન આવે છે. 'દ્રુતગતિએ ખસતો ચાંદનીનો લંબચોરસ ટુકડો અમારી પથારી વચ્ચે આવી ખળાયો હતો – આંખોને ઝંખવી નાખતો ચાંદનીનો લંબચોરસ ટુકડો. ઊઠીને અરીસા સામે એ વામા એના પૂર્ણ નગ્નરૂપમાં બેઠી હતી–જાણે એટલી જ તાઝગીસભર. એના ગુહ્યાંગ પર લાલાશથી ઝવતી પોયણીને મેં વિકસતી જોઈ. અરીસામાં પડતા એના ખુદના પ્રતિબિંબમાં એ ડૂબીને લીન થઈ ગઈ હતી.

'તું ખૂટતી જઈશ. તને મોતનો કશો ડર નથી?' મેં પૂછ્યું.

'ભલે આવે....' એકમીટે અરીસામાં જોતાં એ બોલી. મને થયું વણસાટના માર્યા હું ભ્રમિત દશામાં ઝોલતો હતો ને ઘરના મોભ પર ચાંદનીમાં બેઠેલા કાગડાને ઉડાડવા મેં જાણે ચીસ નાખી, બૂમાબૂમ કરી.

'હાડ....આ કાગડો માંસનો ટુકડો ઠોલી રહ્યો છે. અરે....!' (પાના નં.૮૪-૮૫)

સ્વપ્નમાં ચાંદનીના ટુકડાનું દ્રુતગતિએ ખસવું નાયકની એક પછી એક સ્ત્રીઓમાં ખસતી રાગ રુચિને દર્શાવે છે. સ્વપ્નના અંતમાં નાયક જે કાગડાને માંસના ટુકડાને ઠોલતો જુએ છે એ કાગડો નાયકનું પ્રતીક છે. જેમ કાગડો માંસ ચૂંથે છે તેમ જ નાયક પણ કમસાંગકોલના શરીરને ભોગવે છે.

નવલકથાને અંતે લાનુલા તથા નાયકના સબંધો વિશે કમસાંગકોલાને જાણ થતા કમસાંગકોલાના પરિવાર દ્વારા નાયકને ઢોર માર પડે છે. અહિ નાયક અને કમસાંગકોલા વચ્ચે સંવાદિતા સ્થપાય છે. પહેલી વાર નાયકને તેની પત્ની અહિ સુંદર લાગે છે. પણ આ સુંદરતા લાંબો સમય ટકતી નથી અને 'એનો પુલકિત, કાંતિવર્ણો લાગતો ચહેરો આપોઆપ વેડનાગ્રસ્ત

થતો વિકૃત બનતો ગયો. નીંગળતા લોહીમાં મેખલાની ફૂલભાત ખરડાઈને પથરીમાં રતાશથી ભીંજાતી ગઈ.

'હું મારવાની નથી....' અડગ સ્વરે, ત્રૂટક એ બોલી.' (પાના નં.૯૬) નાયકને આ દૃશ્ય જોઈ કંપારી આવે છે. તે અંદર બીજા ઓરડામાં જાય છે. ત્યાં કોઈ હોતું નથી. લાનુલા પાછલે બારણેથી નીકળી જાય છે અને નાયક પણ 'બારી સોંસરવો, તેની પાછળ બહાર હું કૂદી પડ્યો.' (પાના નં.૯૬)

અહિ કમસાંગકોલા અને નાયકને સાથે રહેવા મજબૂર કરતી બાબત કમસાંગકોલાના પેટમાં રહેલું નાયકનું બાળક છે. કમસાંગકોલાના ગર્ભપાત સાથે જાણે નાયકને કમસાંગકોલાથી મુક્તિ મળી જાય છે.

સમગ્ર નવલકથામાં બાહ્ય વાસ્તવ કરતાં આંતરવાસ્તવની જગ્યા વધારે છે. એટલે કે કથા ભૌતિક સમયને બદલે ચૈતસિક સમયમાં જ ઉઘડે છે. કિશોર જાદવ અહીં સ્થૂળ વાસ્તવના લસરકા ! માત્ર દોરે છે. તેનો આશય સ્થૂળ વાસ્તવ કરતા આ વિગતોને ઓગાળી તેનું સ્વપ્ન સૃષ્ટિમાં રૂપાંતરણ કરી કથાનાયકને ચિત્રમાં ઉઠતી ઇચ્છાઓ, કામનાઓ, વાસનાઓ, આદિમ વૃત્તિઓ વગેરેનું આલેખન કરવું છે. એટલા માટે જ તેઓ ચૈતસિક વાસ્તવ પ્રગટાવવા માટે સ્વપ્રયુક્તિનો કથામાં વિનિયોગ કરે છે. માનવમનની અતિ ગાઢ સંકલ્પનાઓ, સંવેદના પ્રગટાવવા કદાચ અન્ય પ્રયુક્તિ આટલી કારગર ન પણ નીવડત. નાયક જે જાગૃત અવસ્થામાં નથી કરી શક્તો તે ધરબાયેલી આદિમ ચેતના સ્વપ્નવાસ્તવના સ્તરે પ્રગટ થવાની સૌથી વધુ સંભાવના છે. તેમાં કલ્પન અને પ્રતીકોનો જે વિનિયોગ થયો છે તે નવલકથા કળા સ્વરૂપની સિદ્ધિ બને છે. મનની અતિ સંવેદનશીલ બાબતો અજાગ્રત અવસ્થામાં પણ પ્રગટ થવી અસંભવ છે તે કલ્પન અને પ્રતીકનો અંચળો પહેરીને સ્વપ્નમાં પ્રગટ થાય છે.

વાસ્તવ જગતમાં નાયકને નિષ્ક્રિય રાખ્યો છે અને તેથી જ તેનું ચેતના જગત સક્રિય બની સ્વપ્ન દ્વારા તેની પાસે ક્રિયા કરાવે છે. સ્વપ્નને આપણે ક્રિયા સ્વરૂપે જોઈએ તો આ ક્રિયા પાછળનું કંઈક કારણ પડ્યું હોવાનું જ. આ કારણ એટલે નાયકનું કમસાંગકોલા સામે નપુંસક રહેવું. કમસાંગકોલા દ્વારા તેને અપાતી પીડા અને નાયકનું પોતાનું આત્મપીડનનું વલણ. નાયક સદંતર

તમામ પરિસ્થિતિમાં નિષ્ક્રિય રહે છે. એવું ન હતું કે તે અનંગલીલા સાથે જોડાઈ શકે તેમ ન હતો. એવું પણ નહોતું કે તે કામસાંગકોલાથી છૂટી નહોતો શકતો. જીવનમાં માત્ર મૃત્યુની રાહે જ કદાચ તે જીવતો હતો. અહીં રજૂ થતા તમામ સુખ તેની નિષ્ક્રિયતાનું પરિણામ છે જે અર્થગર્ભિત છાયાઓ લઈને આવે છે. જેને કારણે કૃતિનું એક આગવું રૂપ બંધાય છે. પરંતુ આ ગર્ભિતતાને સુમન શાહ ભાવકને માટે એક સંગીન પડકાર ગણે છે.

નાયક પોતે જ અહીં કથક પણ છે અને કથાનું કેન્દ્રબિંદુ પણ. નાયકના હાથમાં કથાનો દોર સોંપવાને કારણે કૃતિમાં જે કંઈ આવે છે તે નાયક દૃષ્ટિકોણથી આવે છે. આમ સમગ્ર સ્તરે કથન-વર્ણનોમાં નાયકની ચેતનાનો જ પડઘો પડે છે. નાયક ખુદ નેરેટર હોવા છતાં બે પ્રકારની ભાષા સ્પષ્ટ રૂપે જોઈ શકાયઃ ૧) બાહ્યવાસ્તવને રજૂ કરતી ભાષા ૨) સ્વપ્ન વાસ્તવને રજુ કરતી ભાષા. સ્વપ્ન આમ જોઈએ તો એક તરંગ વ્યાપાર જ છે. તેથી રોજબરોજની રૂઢ શૈલી તેના વર્ણનમાં માફક ન જ આવે. અહીં સ્વપ્નની ભાષા ચેતનાની સ્તરે પ્રગટ થાય છે. ઉર્મિમાં ઝબોળાઈને લસીત થયેલ ભાષા જ સ્વપ્ન અનુભવને વધુ ગાઢ બનાવી આપે છે. કલ્પન, પ્રતીક અને વિશેષણ સહીતની ભાષા વર્ણનને ભૌતિક વાસ્તવથી દૂર સ્વ-લોકોમાં લઈ જવા સક્ષમ રીતે કાર્ય કરે છે અને દૃશ્યાત્મક્તા સ્વપ્નના ચિત્રણો રજૂ કરવા માટે સહાયક બને છે. આ ભાષા સંવેદનાની અનુભૂતિ કરાવે છે.

અહીં સ્વપ્નની ભાષાને જૂઓઃ 'હું ખુરશી માં બેસી પડ્યો', 'એ સાથે વવળાટમાં હું કશુંક બોલવા મથ્યો.' 'ઝબ્બ બેઠો થઇ જતા..' દૃશ્યાત્મક ભાષાનો વિનિયોગ આ વાક્ય ખંડો દ્વારા થયેલો જોવા મળે છે. રવાનુકારી શબ્દો પણ આ દૃશ્યાત્મક્તા પ્રગટાવવા સહાય રૂપ બને છે. જેમ કે, 'ટિક ટિક', 'સહેજસ્હાજ', 'હલનચલન' વગેરે.. વળી ભાષામાં એક કાવ્યાત્મ લય સંવેદનને ગાઢ બનાવવા ઉપકારક બને છે. તે જુલ્મ 'પદાઘાતથી જાણે જળ હલીને, મારો આદિમ પડછાયો ડોલતો સાપોલિયાની જેમ એમાં દોડતો મેં પેખ્યો.'(પાના નં.૦૪) અહીં જોયુંને બદલે સર્જક તળપદભાષાનો 'પેખ્યો' શબ્દ વાપરે છે. પર ભાષાના ફ્રેઈમ, ફ્લેપ ડૉર, કેબીન, ચેન્જર, વેડિંગ ડ્રેસ, ઍલાર્મ ક્લોક, આલ્બમ, બ્રીફ કેઇસ, પ્લેટફોર્મ, ડીસ્ટેમ્પર, વોકીંગસ્ટીક, વૉશ બેઝીન વગેરે જેવા અંગ્રેજી શબ્દોને લેખકે અવતરણમાં શા માટે મુક્યાં છે? આ શબ્દોને અવતરણમાં મૂકી

લિપિની અલગ છાપ ઉભી કરે છે. એ સાથે આ શબ્દો કોઈ વિશેષ પ્રયોજન સાથે વપરાયા છે. આ શબ્દોને વાચ્યાર્થથી ઉપર જઈ વ્યંજનાના અર્થે જોવાના છે.

આઠ દિવસ રાત્રીનું નિરંતર ચાલતું ચક્ર નવલકથામાં ઝિલાયું છે. આ સ્વપ્નોમાં સાંભળવા કરતા જોવાનું વધુ છે. રંગ અને પ્રકાશના અનેક સેઇડ આ સ્વપ્નોમાં ઝિલાયા છે. એમ જોતા કોલાજની ટેક્નિક અહિ સ્વપ્ન પ્રયુક્તિને સહાયક બની કાર્ય કરે છે.

સાદી, સરળ અને સુરેખ કથાને સ્થાને ભાવકની કસોટી કરતી કથનરીતિ અહીં પ્રયોજાઈ છે. એક ચોક્કસ ઢબની નવલકથાઓ વાંચવા ટેવાયેલા વાચકને આ નવલકથામાં કશી ગતાગમ ન પડે એવી તેની કથનશૈલી છે. આંગળી ચીંધીને કહી શકાય કે એક હારમાં ગોઠવી શકાય તેવી ઘટનાઓ પણ અહીં નથી. મોટાભાગે વાચક કોઈપણ નવલકથાની ઘટનાઓને વાંચી તેને એક ચોક્કસ કાળક્રમમાં ગોઠવી ઘટનાઓની માળા બનાવી કથાને સમજવાનો પ્રયત્ન કરતો હોય છે. એવા વાચકને આ નવલકથા સમજવા વધુ સજ્જતા કેળવવાની આવશ્કતા રહેશે.

'નિશાચક્ર'માં તરંગી મિજાજ ધરાવતો નાયક છે. જે દિવસે તરંગમાં રાચે છે અને રાત્રે સ્વપ્નમાં. પત્ની પર હંમેશા ગુસ્સે થતો રહે છે. નાયક પોતાની વાણી પર કોઈ જ પ્રકારની લગામ રાખ્યા વગર મનમાં ઉદ્ભવતા તમામ વિચારોને વ્યક્ત કરી દે છે. આ નવલકથાનો નાયક સ્વ-પીડનની વૃત્તિ ધરાવે છે. તેની આ પીડા ચૈતસિક સ્તરે પ્રગટી કોલાજ બનાવે છે. આમ નવલકથાની વસ્તુસંકલનામાં આ સ્વપ્નો, દિવાસ્વપ્નો અને તરંગોની નોખી ભાત ઉભી થાય છે. જે તેની અરૂઢ શૈલીને ઉપકારક બને છે.

સંદર્ભઃ કિશોર જાદવ, નિશાચક્ર, રૂપાલી પબ્લિકેશન-અમદાવાદ, દ્વિતીય આવૃત્તિઃ જૂન ૧૯૮૪